[Organisation | Date]

Gujarati | ગુજરાતી

# Protection visa

 બ્રીફિંગ ડેક



Protection visas પર વાતચીતમાં બદલાવ કરો

Australian Government



# પરિચય

**સુરક્ષા વિઝા (Protection visa) (પેટાવર્ગ 866) એ વાસ્તવિક આશ્રય શોધનારાઓ માટે છે જે તેના ઘરે નોંધપાત્ર નુક્સાન અથવા સતામણીના વાસ્તવિક જોખમનો સામનો કરી રહ્યાં છે.**

ઓસ્ટ્રેલિયાની સરકારે લોકોને Protection visa અને આ કાર્યક્રમનું શોષણ કરવાનો પ્રયાસ કરવાના પરિણામો વિશે શિક્ષિત કરવા માટે એક અભિયાન શરૂ કર્યું છે.

ઓસ્ટ્રેલિયા અને વિદેશમાં રહેતાં ભારતીય નાગરિકો સહિત સમગ્ર સમુદાયોમાં Protection visa વિશે ખોટી માહિતી ફેલાઇ રહી છે.

આ ખોટી માહિતીથી Protection visa અરજદારો અને તેમના પરિવારો માટે ગંભીર પરિણામો આવી શકે છે.

આ ઝુંબેશનો હેતુ ખોટી માહિતી ફેલાવવાને રોકવા માટે જરૂરી માહિતી અને સાધનો પ્રદાન કરવાનો અને સમુદાયોને જરૂરી સલાહ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

ખોટી માહિતીનો સામનો કરવા માટે, ગૃહ બાબતોનો વિભાગ Protection visa માટે અરજી કરવા વિશે વિચારતી કોઇપણ વ્યક્તિને નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂની પ્રદાતાઓ પાસેથી નિ:શુલ્ક કાનૂની સલાહ પૂરી પાડે છે.

આ સલાહથી લોકોને તેઓ Protection visa માટે પાત્ર છે કે કેમ તે જાણવામાં મદદ મળશે અને ખોટી સલાહ પૂરી પાડતા હોય તેવા નોંધાયેલા ન હોય તેવા સ્થળાંતર એજન્ટોનો ઉપયોગ કરવાના જોખમો ઘટાડશે.

# Protection visas વિશેની ખોટી માહિતી

**Protection visas વાસ્તવિક આશ્રય શોધનારાઓ (અથવા તેમના પરિવારના સભ્યો) માટે છે જે , જેઓ જો તે ઘરે પાછા ફરે તો નોંધપાત્ર નુકસાનના વાસ્તવિક જોખમનો સામનો કરવો પડી શકે છે અથવા જેમને જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, ચોક્કસ સામાજિક જૂથના સભ્યપદ અથવા રાજકીય અભિપ્રાયના કારણે સતામણીનો સુસ્થાપિત ભય છે.**

ઓસ્ટ્રેલિયામાં ફક્ત કામ કરવા માટે તેમનું રોકણ લંબાવવા ઇચ્છતા લોકો માટે Protection visa નથી.

સોશિયલ મીડિયા અને ઓનલાઇન ચેટ જૂથોમાં તેમની સેવાઓને પ્રોત્સાહન આપતા નોંધાયેલ ન હોય તેવા સ્થળાંતર સલાહકારો લોકોને ફક્ત કામ કરવા અથવા ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને લંબાવવાના માર્ગ તરીકે Protection visa નો ઉપયોગ કરવાનું કહી રહ્યા છે.

આ સલાહકારો અરજીકર્તાઓને Protection visa માટે અરજી કરતી વખતે ખોટા દસ્તાવેજો આપવાનું કહી શકે છે. કેટલાક લોકો આ ખોટી સલાહ માટે હજારો ડૉલર લે છે.

ઓસ્ટ્રેલિયામાં, જો કોઇ વ્યક્તિ નોંધાયેલ સ્થળાંતર એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાનો કાનૂની વ્યવસાયિક ન હોય તો સ્થળાંતરની સલાહ માટે શુલ્ક લેવું તે કાયદાની વિરુદ્ધ છે.

કેટલાક નોકરીદાતાઓ ઓસ્ટ્રેલિયામાં નોકરીની તકો આપવાનું કહીને, ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતીનો ઉપયોગ કરીને Protection visa માટે અરજી કરવા માટે હંગામી વિઝા ધારકોને કહી શકે છે.

તેઓ ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી સાથે Protection visa અરજી કરીને ઓસ્ટેલિયામાં લાંબા સમય સુધી રહી શકે છે અને કામ કરી શકે છે એવું વિદ્યાર્થીઓને પણ કહેવામાં આવી રહ્યું છે.





# ખોટી માહિતીનાં જોખમો

**પ્રક્રિયાના સમયને વેગ આપવા માટે Protection visa તંત્રમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. આનો અર્થ એ છે કે જે લોકો ફક્ત કામ કરવા અથવા ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને લંબાવવા માટે Protection visa માટે અરજી કરે છે તેમને ઝડપથી નકારી કાઢવામાં આવશે.**

મોટાભાગની નવી Protection visa અરજીઓ પર હવે તાજેતરના વર્ષોની તુલનામાં **લગભગ 8 ગણી ઝડપથી** નિર્ણય લેવામાં આવી રહ્યો છે. ખોટી કે ગેરમાર્ગે દોરનારી માહિતી સાથે Protection visaની અરજી કરી રહેલા લોકો મોટા દંડ અને શક્ય જેલની સજા સહિતના ગંભીર પરિણામોનો સામનો કરી રહ્યા છે.

નામંજૂરી Protection visa અરજી વ્યક્તિના ઇમિગ્રેશન નોંધમાં રહે છે. આનો અર્થ એ છે કે અરજીકર્તા અને તેમના પરિવાર માટે મુલાકાતી, વિદ્યાર્થી અથવા હંગામી રોજગાર વિઝા પર પણ ભવિષ્યમાં ક્યારેય ઓસ્ટ્રેલિયા પાછા ફરવું મુશ્કેલ થઇ શકે છે.

અરજીકર્તા કયા પ્રકારના વિઝા માટે અરજી કરે છે તેના આધારે તે વિશ્વના અન્ય દેશોમાં ભવિષ્યની વિઝા અરજીઓને પણ અસર કરી શકે છે.

નામંજૂર Protection visa અરજીકર્તાઓ મોટાભાગના અન્ય વિઝા માટે અરજી કરી શકશે નહીં અને તેમણે ઓસ્ટ્રેલિયા છોડવું પડશે.  જો  તેમની પાસે માન્ય વિઝા ન હોય તો Australian Border Force (ઓસ્ટ્રેલિયાનાં સરહદી દળો) દ્વારા તેમની અટકાયત થઇ શકે છે અને તેમને બહાર મોકલી દઇ શકાય છે. અરજીકર્તાએ તેમને બહાર કરવાનો ખર્ચ પણ પરત કરવો પડી શકે છે, જે હજારો ડૉલર હોય શકે છે.

આ વર્ષે, Australian Border Force એ એક નવું અભિયાન શરૂ કર્યું હતું, જેમાં હંગામી વિઝા ધારકો કે જેમની મુદત પૂરી થઇ ગઇ હોય તેવા નામંજૂર કરાયેલ Protection visa અરજીકર્તાઓની અટકાયત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને તેમને ઓસ્ટ્રેલિયામાંથી બહાર કરવામાં આવ્યા હતા. આ અભિયાન ચાલુ જ છે.

# તમે કેવી રીતે મદદ કરી શકો છો

**સફળ વિઝાની સરખામણીએ નિષ્ફળ વિઝાની અરજીઓ નોંધપાત્ર રીતે વધુ છે, અને ભારતીય અરજીકર્તાઓ હાલમાં સૌથી વધુ ઇન્કારના દરમાંનાં એક છે.**

ભારતીય નાગરિકોમાં Protection visa અરજીઓમાં ઇન્કારનો દર સૌથી વધુ માંથી એક છે. 2023-24 માં નિર્ણય લેવામાં આવ્યો હોય તેવી 97% ભારતીયોની અરજી આવશ્યક્તાઓ પૂર્ણ કરી શકી ન હતી અને તેમને નામંજૂર કરવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયામાં સમુદાયો અને સંગઠનોએ Protection visa ની અરજી કરવાનું વિચારી રહેલ લોકોમાં ખોટી માહિતીના પ્રસારને રોકવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે.

તેમાં વિઝા અરજીમાં ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી આપવાથી ઊભા થતાં જોખમો અને નોંધણી વિનાના સ્થળાંતર સલાહકારનો ઉપયોગ કરવાના જોખમો વિશે જાગૃતિ ફેલાવવાનો સમાવેશ થાય છે.

સંભવિત અરજીકર્તાઓને કહો કે Protection visas વાસ્તવિક આશ્રય ઇચ્છુકો માટે છે – તે એવા લોકો માટે નથી કે જેઓ કામ કરવા માટે ઓસ્ટ્રેલિયામાં લાંબા સમય સુધી રહેવા માંગતા હોય.

જો Protection visa માટે અરજી કરી રહેલ કોઇ તમને તેમના ટેકા માટે પત્ર લખી આપવાનું કહે, તો તમારે આવું માત્ર ત્યારે જ કરવું જોઇએ જો તમે માનતા હોવ કે તેઓ વાસ્તવિક આશ્રય શોધનાર છે – આનો અર્થ એ છે કે જો તેઓ ઘરે પાછા ફરે તો તેઓ નોંધપાત્ર નુકસાન થવાના જોખમનો સામનો કરી રહ્યા છે અથવા ખરેખર સતામણી થવાનો ડર ધરાવે છે.

તેમના રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂની પ્રદાતાની નિઃશુલ્ક કાનૂની સલાહ મેળવવા માટે તેમને પ્રોત્સાહિત કરો.

# તમે કેવી રીતે મદદ કરી શકો છો

**Protection visa માટે અરજી કરવા વિશે વિચારતા ઘણાં લોકો નથી જાણતા હોતા અથવા સમજી નથી શકતા કે જો તેઓ જે દેશ સામે ઓસ્ટ્રેલિયાની સુરક્ષા માંગી રહ્યા છે ત્યાં મુસાફરી  કરે તો તેના માઠા પરિણામો આવી શકે છે.**

તપાસો કે સંભવિત Protection visa અરજીકર્તા સમજે છે કે:

- જો તેઓ Protection visa અરજી દાખલ કરે છે, તો તેઓ એ દેશમાં મુસાફરી કરી શકશે નહીં જેની સામે તેમણે ઓસ્ટ્રેલિયાની સુરક્ષા માંગી રહ્યા છે, પછી ભલેને ત્યાં તેમનો પરિવાર સ્થિત હોય.
- જો તેમને Protection visa આપવામાં આવે, તો તેઓ ઓસ્ટ્રેલિયાની સરકારની પરવાનગી વિના જે દેશ સામે આશ્રય માંગ્યો છે ત્યાં તેમનો પરિવાર રહેતો હોવા છતાં ત્યાં જઇ શકશે નહીં.

Protection visa ની અરજી કરવાનું વિચારતાં દરેકને તેમના રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂની પ્રદાતાઓ પાસેથી નિઃશુલ્ક કાનૂની સલાહ મેળવવા માટે પ્રોત્સાહિત કરો.

આ સલાહથી સંભવિત અરજીકર્તાને એ જાણવામાં મદદ મળી શકે છે તે શું તેઓ Protection visa ને પાત્ર છે, તેનાથી તેમને અરજીની પ્રક્રિયા સમજાશે અને જો તેમની Protection visa અરજી નામંજૂર કરવામાં આવે તો નકારાત્મક પરિણામો પણ આવી શકે છે તે સમજવામાં મદદ થશે.

# ઓસ્ટ્રેલિયાની સરકાર તમારા સમુદાયને કેવી રીતે મદદ કરી શકે છે

**Protection visa માટે અરજી કરવા વિચારતા કોઇ પણ વ્યક્તિ સાથે નીચેના સંદેશાઓની આપલે કરવા માટે અમે તમને પ્રોત્સાહિત કરીએ છીએ:**

1. વધુ માહિતી મેળવવા ઓસ્ટ્રેલિયાની સરકારની અધિકૃત વેબસાઇટ ની મુલાકાત લો.
2. તમારા રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત શરણાર્થી અને ઇમિગ્રેશન કાનૂની પ્રદાતાની નિઃશુલ્ક કાનૂની સલાહ મેળવો.
3. સ્થળાંતર એજન્ટ નોંધણી અધિકાર કચેરી (OMARA) પર તપાસીને નોંધાયેલ સ્થળાંતર એજન્ટ શોધો.
4. તમારી જાતનું અને તમારા સમુદાયનું રક્ષણ કરો. ગેરકાયદેસર સ્થળાંતર સલાહકારની જાણ અનામી રીતે ઓસ્ટ્રેલિયાનાં સરહદ સુરક્ષાદળ ને કરો.
5. વૈકલ્પિક વિઝા વિકલ્પો તમારે માટે યોગ્ય છે કે કેમ તે જાણો.

ગૃહ વિભાગે પોસ્ટરો, તથ્ય પત્રિકાઓ, સોશિયલ મીડિયા ટાઇલ્સ અને અન્ય સામગ્રી તૈયાર કરી છે જેનો ઉપયોગ તમે તમારા સમુદાયોને Protection visas વિશે માહિતગાર કરવામાં મદદ કરવા માટે કરી શકો છો.

તે તમે અહીંથી મેળવી શકો છો.





# સોશિયલ મીડિયા પરની નકારાત્મક ટિપ્પણીઓનો જવાબ કેવી રીતે આપવો

**સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને જૂથો પર ઓસ્ટ્રેલિયામાં અને વિદેશમાં રહેતા લોકોને Protection visas આપવામાં આવે છે તે વિશે ઘણી ખોટી માહિતી આપવામાં આવી રહી છે.**

જો તમે ઓનલાઇન ફોરમ અથવા જૂથોમાં Protection visas વિશે ખોટી માહિતી ફેલાતી જુઓ, તો તમારી પાસે તેને ખોટી માહિતી તરીકે ઓળખવાની અને આ દસ્તાવેજમાં વહેંચાયેલી યોગ્ય માહિતીને પ્રોત્સાહન આપવાની મહત્વપૂર્ણ તક છે, જેમાં સત્તાવાર લિંકનો પણ સમાવેશ થાય છે – homeaffairs.gov.au/protection

જો કોઇ વ્યક્તિ Protection visa અરજીમાં ખોટી અથવા ગેરમાર્ગે દોરતી માહિતી રજૂ કરે છે અથવા નોંધણી વગરના સ્થળાંતર સલાહકારનો ઉપયોગ કરે છે, તો ઉભા થતાં જોખમો વિશે જાગૃતિ ફેલાવીને તમારી જાતનું અને તમારા સમુદાયનું રક્ષણ કરો.

સૌથી અગત્યની બાબત એ છે કે, સંભવિત અરજીકર્તાને પ્રથમ પગલાં તરીકે નિ:શુલ્ક કાનૂની સલાહ નો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરો.

[Organisation | Date]

Gujarati | ગુજરાતી

ભાગ લેવા બદલ

# તમારો આભાર



Protection visas પર વાતચીતમાં બદલાવ કરો

Australian Government